# તુલસી એન્કાઉન્ટર કેસ : CBI ટૂંકમાં જ ચાર્જશીટ દાખલ કરશે

## બનાસકાંઠાની કોર્ટ સમક્ષ અંતિમ અહેવાલ રજૂ કરવા સીબીઆઈને સુપ્રીમ કોર્ટે એક સપ્તાહની મહેતલ આપી : અગાઉ અનેક વખત મહેતલ મળી હતી

પાલનપુર, તા. ૩

સીબીઆઈએ ગુજરાતમાં તુલસીરામ પ્રજાપતિ બનાવટી એન્કાઉન્ટર કેસના મામલામાં ચાર્જશીટ દાખલ કરવા તૈયારી કરી લીધી છે. સીબીઆઈએ આજે સુપ્રીમ કોર્ટમાં આ મુજબની માહિતી આપી હતી. સીબીઆઈએ કહ્યું હતું કે તે ૨૦૦૬ના આ એન્કાઉન્ટર કેસમાં ચાર્જશીટ દાખલ કરશે. બનાસકાંઠાની કોર્ટ સમક્ષ અંતિમ રિપોર્ટ રજૂ કરવા સીબીઆઈને સુપ્રીમ કોર્ટે એક સપ્તાહની મહેતલ આપી છે. ચાર્જશીટ દાખલ કરવા માટે સીબીઆઈને અગાઉ અનેક વખત મહેતલ આપવામાં આવ્યા બાદ આજે સુપ્રીમ કોર્ટે અંતિમ અહેવાલ રજૂ કરવા સીબીઆઈની એક સપ્તાહનો સમય આપ્યો હતો. શોહરાબુદ્દીનની જેમ જ બનાવટી એન્કાઉન્ટરમાં પ્રજાપતિને ઠાર કરી દેવાયો હતો. શોહરાબુદ્દીનને બનાવટી એન્કાઉન્ટરમાં ગુજરાત પોલીસે ઠાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૪મી ઓગસ્ટ સુધી ચાર્જશીટ સુપરત કરવામાં આવનાર હતી પરંતુ સીબીઆઈએ સુપ્રીમ કોર્ટ પાસેથી વધુ સમય માગ્યો હતો. સીબીઆઈએ આ મામલામાં તપાસ પૂર્ણ કરી લીધી છે. કેસમાં કેટલીક મહત્વપૂર્ણ કડીઓ પણ હાંસલ કરવામાં આવી છે. સૂત્રોનું કહેવું છે કે નવેમ્બર ૨૦૦૫માં શોહરાબુદ્દીન એન્કાઉન્ટર બાદ તરત જ તુલસીને મારી નાખવાની કાવતરુ ઘડાયું હતું. ડિસેમ્બર ૨૦૦૬માં તુલસી પ્રજાપતિ બનાવટી એન્કાઉન્ટરમાં ઠાર કરાયો હતો. સીબીઆઈએ ક્રિમીનલ પ્રોસીડર કોડની કલમ ૧૬૪ હેઠળ સાત મહત્વપૂર્ણ નિવેદન નોંધ્યા હતા. તપાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરનારની નોંધ લેવાઈ હતી. સીબીઆઈના અધિકારીઓએ તુલસી કેસના સંબંધમાં રાજસ્થાનના ભાજપ નેતા ઓમ માહુરની પૂછપરછ પણ કરી હતી.

બે રાજ્યોના રાજકીય નેતાઓ વચ્ચે સાંઠગાંઠ અંગે માહિતી મેળવવા તેમની પૂછપરછ થઈ હતી. જ્યારે પ્રજાપતિને બનાવટી એન્કાઉન્ટરમાં ઠાર કરવામાં આવ્યો ત્યારે માથુર ભાજપના ગુજરાત ઈન્ચાર્જ હતા. સીબીઆઈએ ચાર્જશીટ તૈયાર કરતા પહેલાં આઈપીએસ ઓફિસર ગીતા જોહરી, નિવૃત્ત આઈપીએસ ઓફિસર ઓ પી માથુરની પણ પૂછપરછ કરી હતી.

# ખારેડામાં દેશી દારૂના અડ્ડાઓ પર પોલીસની રેડ

## રેડના ગણતરીના કલાકોમાં જ દારૂના અડ્ડા ફરી ધમધમ્યા

પાટણ, તા. ૩

પાટણ તાલુકાના ખારેડા ગામે ધમધમતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા માટે આઈ.જી. ભૂજ રેન્જ સુધી રજુઆતો કરાતા ભુજરેન્જના પોલીસ સ્ટાફએ દરોડો પાડી દેશીદારૂ કબ્જે કર્યો હતો. પરંતુ પોલીસ હજુ તો ગામ છોડે તે પહેલાં જ દારૂના અડ્ડા ફરી ધમધમતા થઈ ગયા છે.

પાટણના ખારેડા ગામે વર્ષોથી દેશીદારૂનું વેચાણ કરી યુવાધનને બરબાદીમાં ધકેલતા બુટલેગરો બેફામ બનતા વાગડોદ પોલીસ મથકમાં જાણ કરવામાં ાવી હતી. પરંતુ પોલીસ જમાદાર હપ્તામાં વ્યસ્ત બનેલી હોવાથી દારૂના અડ્ડાઓ સામે આંખ આડા કાન કરવામાં આવતા હતા. એટલે એક જાગૃત નાગરિક દ્વારા જીલ્લા પોલીસ વડા અને આી.જી. ભૂજરેન્જ સુધી રજૂઆતો કરવામાં આવી હતી. આથી ભુજરેન્જના માણસોએ ખારેડામાં શનિવારે દારૂના અડ્ડા પર રેડ પાડી હતી. જેમાં કેટલાક દેસીદારૂનો જથ્થો મળી આવ્યો હતો. પરંતુ માથાભારે કહેવાતા અને દિવસમાં હજારો લીટર દારૂનું વેચાણ કરતા સુરેશ મણા રાવલ નામના બુટલેગરે પોતાના કબ્જા હેઠળનો માલ સગેવગે કરી દીધો હતો એટલે તે પકડાયો ન હતો. પરંતુ પોલીસ દારૂ પકડીને ગામ છોડે તે પહેલાં જ ફરી દારૂનું વેચાણ શરૂ થઈ ગયું છે અને જાગૃત નાગરિકોની રજુઆતો છતાં દેશીદારૂના અડ્ડા બંધ ન થતાં લોકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. તો બીજી તરફ દારૂના અડ્ડાઓ વિરૂદ્ધ રજુઆત કરનાર જાગૃત નાગરિકોને પણ બુટલેગરો દ્વારા ધમકી આપવામાં આવી રહી છે ત્યારે પોલીસે માથાભારે બુટલેગરો સામે સખત પગલા ભરવા જોઈએ તેવી જાગૃત નાગરિકોની માંગણી છે.



કાંકરેજ તાલુકા મથક શિહોરી ખાતે આનંદવાડીમાં ધી બનાસકાંઠા જિલ્લા પ્રેસ પ્રતિનિધિ મંડળના પ્રમુખ શ્રી રામજીભાઈ રાયગોરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ મંડળની ત્રિમાસીક મીટીંગમાં કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી હરગોવનભાઈ શીરવાડીઆએ દીપ પ્રગટાવી વિદ્યાની દેવી સરસ્વતીને આહ્વાન આપી ફુલહારથી આવકારી હતી. આ પ્રસંગે મંડળના પ્રમુખશ્રી રામજીભાઈ રાયગોરે મંડળના વિકાસ માટે ખભે ખભા મીલાવી કામ કરવા હાંકલ કરી હતી અને છેવાડા માનવીની માંગણી સરકારશ્રી સુધી અને સરકારશ્રીની યોજનાઓની વર્તમાન પત્રો મારફત છેવાડાના માનવી સુધી પહોંચાડવાની કામગીરી કરવા હાંકર કરી હતી. (તસવીર : રામજીભાઈ રાયગોર)

### હિંમતનગર મહેતાપુરા વિસ્તારમાંથી ૧૧ બોટલ વિદેશી દારૂ સાથે એક પકડાયો

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મહેતાપુરા વિસ્તારના ઈસમને સોમવારના રોજ બપોરના સુમારે વિદેશી દારૂની ૧૧ બોટલ સાથે ટાઉન પોલીસ પકડી પાડ્યો હતો. વિગત મુજબ હિંમતનગર ટાઉન પોલીસને મળેલી બાતમી આધારે સોમવારના રોજ બપોરના ૩.૩૦ વાગેના સુમારે ટાઉન પોલીસના ચંદુભાઈ વણઝારાએ મહેતાપુરામાં જૈન દેરાસર પાસે રહેતા અજયસિંહ કલ્યાણસિંહ ડાભીને હાથમતી નદીના ઢાળ પાસેથી થેલામાં ૧૧ વિદેશી દારૂ કિંમત રૂ. ૫૫૦૦ની સાથે પકડી પાડેલ હતો. આ અંગે ટાઉન પોલીસમથકે અજયસિંહ ડાભી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### વડાલી પોલીસને યુવાન ગુમ થયાની જાણ કરાઈ

સાંબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના માલપુર ગામે રહેતા ભાણીની ખબરઅંતર પુછવા આવેલા મામા ગુમ થતા વડાલી પોલીસ મથકે જાણ કરવામાં આવતા પોલીસે જાણવા જોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના કનગામ ૨૮ વર્ષીય સંજયભાઈ પ્રભાતભાઈ રાઠોડ ૨૦મી ઓગષ્ટના રોજ સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના માલપુર ગામે રહેતી ભાણી સરોજબેનની ખબરઅંતર પુછવા આવેલ અને રાત્રીના રોકાણ કરી ૨૧મી ઓગષ્ટના રોજ માલપુર ગામેથી પરત પોતાના વતન જવા માટે નીકળેલા જેઘરે ન પહોંચતા સગા સંબંધીઓ મિત્રો સહીત લાગતી વળગતી જગ્યાએ શોધખોળ કરતા કોઈ ભાળ મળેલ નહિ જેથી ગુમ થયા અંગેની જાણ વડાલી પોલીસે જાણવા જોગ નોંધી તપાસ હાથ ધરી હતી.

# શિહોરી-દિયોદર માર્ગ પર સોનાના દોરાની ચિલ ઝડપ

કાંકરેજ, તા.૩

શિહોરીથી દિયોદર જવાના માર્ગ પર બાઈક લઈને જતા દંપતિના ગળામાંથી દોઢ તોલાના સોનાની દોરાની ચિલ ઝડપ કરી ચેઈન-સ્નેચરો બાઈક પર આખના પલકારામાં અદશ્ય થઈ ગયા હતા. બનાવ અંગે શિહોરી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ કાંકરેજ તાલુકાના દુદાસણ ગામના વતની શંકરભાઈ ચૌધરી અને તેમના પત્ની અલકાબેન ચૌધરી ચિમનગઢ ગામે જઈ રહ્યા હતા ત્યારે શિહોરીથી દિયોદર જવાના રસ્તા પર ૭૩૬૫ નંબરનું બાઈક લઈ અજાણ્યા શખ્સો ઉભા હતા અને તેમણે શંકરભાઈને સૂઈ ગામ જવાનો રસ્તો પુછયો હતો. રસ્તો બતાવી શંકરભાઈ બાઈક લઈને જતા હતા ત્યારે પાછળથી આવી અલકાબેનના ગળામાંથી દોરો તોડી ચેઈન સ્નેચરો છુમંતર થઈ ગયા હતા. બનાવ અંગે શંકરભાઈએ શિહોરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચેઈન સ્નેચરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

કાંકરેજ તેમજ આજુબાજુના વિસ્તારમાં ચેઈન સ્નેચરોની ટોળકી સક્રિય થઈ હોય તેવું લોકોનું માનવું છે. પોલીસ સક્રિય થઈ આ ટોળકીને ઝડપી પાડી લાલ આંખ કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# પાંથાવાડામાં રહેણાંક વિસ્તારમાં ધમધમતા જુગારના અડ્ડા

પાંથાવાડા, તા. ૩

બનાસકાંઠાના સરહદી વિસ્તાર પાંથાવાડમાં વિકાસની સાથે અસામાજીક બદીઓનું પ્રમાણ ખુબ વધવા પામ્યુ છે. ગામના મુખ્ય રહેણાંક વિસ્તારમાં ઘણાં સમયથી જુગાર-વલ્લીમટકાના અડ્ડાઓથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

પાંથાવાડામાં ગામ બહાર હાઈવે પર કેટલાક તત્વો જુગારધામ ચલાવી યુવાધન અને જુગારના શોખીનોને રમાડી અઢળક કમાણી પોલીસની મહેરબાનીથી કરતા હોવાની ફરીયાદો વચ્ચે આ બદીઓ હવે ગામ વચ્ચે રહેણાંક વિસ્તારમાં જુગાર ધામના અડ્ડાથી સ્થાનિક રહીશો ત્રાસી ગયા છે.

શેરી-મહોલ્લામાંથી પસાર થતી મહિલાઓ યુવતીઓ-બાળકો જુગારીઓથી બાજ આવી ગયા છે. મજુરી કરી પેટીયુ રળતો શોખીન એકના ત્રણ ગણાની લાલચે આકડાં બજાર - ગંજીપાનાના જુગારના ભરડામાં આવી જતાં ગરીબના ઘરનો ચૂલો ચલાવવો ભારે પડી રહ્યો છે. ત્યારે જિલ્લા પોલીસ વડા એલ.સી.બી., એસ.ઓ.જી. અને સ્થાનિક પોલીસને તાકીદે આદેશ આપી આ બદીઓ બંધ કરાવવા ગ્રામજનો ઉગ્ર માંગ કરી રહ્યા છે.

# તલોદમાં વારંવાર વીજપુરવઠો ખોરવાતાં સર્જાતી ભારે હાલાકી

તલોદ, તા.૩

તલોદ વેપારી આલમમાં રાજયમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ધમધમતા વેપાર ઉદ્યોગો તથા ઘરગથ્થું વપરાશ માટે વીજળી શિરો વેદના બની છે. કેટલાક સમયથી વીજતંત્રની બેદરકારીથી તલોદ સંદત્તર બંધ હોય તેમ ભાસી રહ્યું છે. વારંવાર વીજ રૂસણાં લેવાથથી નગરજનો અંધાર પટ્ટમાં મુશ્કેલી અનુભવે છે. વીજ તંત્રના કર્મચારીઓના ઉદ્ધતાઈ અને તોછડાઈ ભર્યા જવાબોથી દયા જનક પરિસ્થિતિ સર્જાઈ છે. ફરિયાદનો ફોન કોઈ ઉપાડયું નથી.

વીજ તંત્રના વાયરમેનો આંટાફેરા મારી દિન ચર્યા પૂર્ણ કરે છે. તલોદવાસીઓ વીજ પુરવઠો ચાલુ કરવા સત્તાધિશોને આજીજી કરતા હોય છે. મંગળવારે વીજ કાપનો દિવસ નક્કી છે .પરંતુ સમગ્ર અઠવાડિયું વીજળી બંધ રહે છે. તલોદના ગ્રાહકો વીજ તંત્રથી પરેશાન થયા છે. જીઈબી સત્વરે કાર્યવાહી હાથ ધરે તેવી પ્રબળ માંગણી છે.

# ઉંચી ધનાલ હાઈસ્કુલનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા.૩

સાબકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા પંચશકિત કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ઉંચી ધનાલ ગામની હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ સારું પ્રદર્શન કર્યું હતું તેમજ વ્યસન મુકિતનો સંકલ્પ પણ લીધો હતો.

તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા પંચશકિત કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉંચી ધનાલ ગામની એચ.કે. પટેલ હાઈસ્કુલના ત્રણ વિદ્યાર્થીઓ કયુ. ડી.સી. કક્ષાએ પસંદગી પામતા તાલુકા કક્ષાની એસ.વી. એસ. સ્પર્ધામાં ભાગ લીધો હતો. બહેનોની લેખન સ્પર્ધામાં પૂર્વી પટેલે બીજો નંબર, વકતૃત્વ સ્પર્ધામાં રવીના પટેલે બીજો નંબર અને ભાઈઓની વકતૃત્વ સ્પર્ધામાં પ્રતિક રાવલે ત્રીજો નંબર મેળવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યો હતો. ઉપરાંત ઉંચી ધનાલ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ વ્યસન મુકિતના સોગંધ ખાઈ માતા પિતાની સહી સાથેના સંકલ્પ પત્ર હાઈસ્કુલમાં જમા કરાવ્યા હતા. વિદ્યાર્થીઓના આ ઉમદા સંકલ્પને ગ્રામજનો તેમજ હાઈસ્કુલના આચાર્ય અને શિક્ષણગણે પ્રભાવિત થઈ આવકારી અભિનંદન પાઠવ્યા હતાં.



કાંકરેજ તાલુકાના થરા પ્રાથમિક શાળા નં. ૨ ખાતે વયનિવૃત્તિ થયેલ બીટ કેળવણી નિરીક્ષક શ્રી સોમભાઈ ઓઝા તથા શાળાના ચાર શિક્ષકો આચાર્ય તરીકે પસંદગી પામતાં તેમનો વિદાય સન્માન સમારંભ યોજાયો હતો. (તસવીર : યશપાલસિંહ વાઘેલા, થરા)

## યુવા મતદારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

માણસામાં ૨૮૬ છે જ્યારે ગાંધીનગર ઉત્તરમાં આ આયુના મતદારોની સંખ્યા ૨૬૮ છે આ પછી ગાંધીનગર દક્ષિણ આવે છે જ્યાં આ વર્ગના મતદારો ૨૩૮ છે કલોલમાં ૨૧૦ અને દહેગામમાં ૧૯૬ મતદારો છે.

મતદારોની દષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ગાંધીનગર(દ) છે પણ યુવા મતદારોની નોંધણીમાં જોઈએ તો કલોલમાં સૌથી વધુ યુવા મતદારો છે. નોંધાયેલા મતદારોની દષ્ટિએ ટકાવારીમાં કલોલમાં ૫૫.૬૧ ટકા મતદારો ૧૮ થી ૪૦ વર્ષની આયુ ધરાવે છે. આ પછી ગાંધીનગર(દ) આવે છે જ્યાં આ આયુ વર્ગના મતદારોની સંખ્યા ૫૪.૮૩ છે. ગાંધીનગર(ઉ), માણસા અને દહેગામમાં ૫૩ ટકાથી વધુ અને ૫૪ કરતા ઓછા મતદારો છે. દહેગામમાં ૫૩.૯૫ ટકા, માણસામાં ૫૩.૯૮ ટકા અને ગાંધીનગર (ઉ)માં ૫૩.૨૭ ટકા મતદારો છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વયના નોંધાયેલા કુલ મતદારો ૩૧,૩૪૨ છે. જેમાં સૌથી વધુ મતદારો ગાંધીનગર(દ)માં ૭૭૬૯ છે જ્યારે આ પછી ગાંધીનગર(ઉ) આવે છે જ્યાં મતદારોની સંખ્યા ૬૭૦૨ છે. માણસામાં ૬૨૯૯, કલોલમાં ૫૬૩૫ અને દહેગામમાં ૪૯૩૭ મતદારો છે.

જિલ્લામાં ૨૦ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૬૦,૫૭૩ છે. આ આયુ વર્ગમાં પણ સૌથી વધુ મતદારો ગાંધીનગર(દ) પર નોંધાયેલા છે. ગાંધીનગર (દ)માં ૬૩,૩૦૩, ગાંધીનગર (ઉ)માં ૫૨૦૫૭, કલોલમાં ૫૦૬૬૬, માણસામાં ૪૯૭૧૫, દહેગામમાં ૪૪૮૩૨ મતદારો આયુ વર્ગના છે.

જિલ્લામાં ૪૦ થી ૯૯ કે તેથી વધુ વય ધરાવતા મતદારોની સંખ્યા ૪૫.૭૪ છે. આ મતદારોના આયુ વર્ગમાં સૌથી વધારે મતદારો ગાંધીનગર(ઉ)માં ૪૬.૭૨ ટકા નોંધાયા છે. માણસામાં ૪૬.૫૧, દહેગામમાં ૪૬.૦૬ અને ગાંધીનગર (દ)માં ૪૫.૧૮ ટકા તેમજ કલોલમાં ૪૪.૩૮ ટકા મતદારો નોંધાયા છે.

૩૦ થી ૪૦ વર્ષની આયુના મતદારો જિલ્લામાં ૨,૪૫,૧૫૬ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ગાંધીનગર(દ)માં ૬૦,૫૭૪, ગાંધીનગર(ઉ)માં ૪૭,૧૨૭, કલોલમાં ૪૬૮૦૭, માણસામાં ૪૬,૬૪૦ અને દહેગામમાં ૪૪૦૦૮ નોંધાયા છે.

## મુખ્યમંત્રીને પત્ર લખશે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રીને પત્ર લખી પ્રશ્નોના ઉકેલની માંગણી કરવામાં આવી છે.

આ પત્રિકામાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કર્મચારીઓના કુટુંબને સીધી રીતે સ્પર્શતા આ પ્રશ્નો બાબતે રાજય સરકાર ચૂંટણી અંગેની આચારસંહિતા જાહેર થાય તે પહેલાં હકારાત્મક નિર્ણય નહિ લે તો કુટુંબના દરેક સભ્યોને આગામી ચૂંટણીમાં પોતાનું વલણ મતબેન્કના સ્વરૂપમાં વ્યકત કરવાની ફરજ પડશે તેટલું જ નહી ‘અમે પાંચ અમારા પચ્ચીસ’ના ધોરણે મતદાન કરાવવાની ઝુંબેશ હાથ ધરશે.

આ આગેવાનોએ જણાવ્યું છે કે પત્ર લખવાની ઝુંબેશ સચિવાલય ફેડરેશન પુરતી મર્યાદિત નથી તેમણે રાજયના અન્ય કર્મચારી સંગઠ્નોને પણ આ લડતમાં જોડાવાનું આહવાન કરી જણાવ્યું છે કે આ લડાઈ કર્મચારીઓ માટે અસ્તિત્વની લડાઈ છે. આ લડતથી સરકાર નહિ પણ તમામ રાજકીય પક્ષોનો સરકારી કર્મચારી પ્રત્યેના તેમના મૂળભૂત હક્કો પ્રત્યેનો ભવિષ્યનો અભિગમ અને વલણ નક્કી થશે.


**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
મધુર ડેરી, સેક્ટર-૨૫,
"ક" રોડ, ગાંધીનગર
ફોન: ૨૩૨૮૭૧૩૪ થી ૩૮,
ફેક્સ: ૨૩૨૮૭૧૪૦

**વેચવાની છે**

**મારૂતી એસ્ટીમ કાર**

સદર કાર મોડલ વર્ષ ૨૦૦૭ છે અને ચાલુ હાલતમાં છે. તો રસ ધરાવતી પાર્ટીએ ઓફર / ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે તા. ૭-૯-૨૦૧૨ સુધીમાં ઓફીસ સમય દરમિયાન મોકલી આપવાના રહેશે. વધુ માહિતી રૂબરૂ મેળવી લેવાની રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી


## ૧૮ તાલુકામાં નોંધનીય વરસાદ

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન ૧૮ તાલુકાઓમાં નોંધનીય વરસાદ થયો છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકામાં ૧૦૪ મીમી એટલે કે ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૪૩.૨૭ ટકા જેટલો નોંધાયો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે જામજોધપુરમાં ૫૩ મીમી અને અમરેલી જિલ્લાના ધારીમાં ૬૨ મીમી એટલે કે બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ ઉપરાંત રાધનપુર, મૂળી, સાયલા, ગોંડલ, કલ્યાણપુર, બગસરા, લાઠી, રાજુલા અને ધરમપુર મળી કુલ ૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને દીયોદર, થરાદ, બોરસદ, ભાણવડ, કેશોદ, હાંસોટ મળી કુલ છ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.


**આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...**

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮